**<u>આંક – ૪૧ થી આરોપીઓ તરફે વી.વકીલશ્રી, બી.એ.જુનેજા દ્વારા અત્રેની કોર્ટ દ્વારા આંક – ૧૨ ને ૧૭ લગત કરેલ સી.આર.પી.સી કલમ – ૧૭૩(૮) મુજબની તપાસનો હુકમ ની અમલવારી મોકૂફ રાખવા અને સ્થગિત કરવા અરજ લગત હુકમ.....</u>**

આરોપી તરફે મુખ્ય રજૂઆત અને દલીલ છે કે, આ કામમાં અત્રેની કોર્ટને ફરીયાદી ની આંક – ૧૨ અને ૧૭ ની અરજી નીચે સંયુક્ત હુકમ ફરમાવેલ છે. અને દિન – ૧૫ માં પંચ રોજકામ કરવા હુકમ ફરમાવેલ છે. જે કાયદા દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંત વિરુદ્ધનો હોઈ કાયદામાં પણ અપીલ કે રીવીઝન કરવા માટે દિન – ૩૦ નો સમય આપવામાં આવે છે. આવા સંજોગોમાં અમારે રીવીઝન કરવાની હોઈ અને સમય ના મળે તો, અમારો રીવીઝન કરવાનો હેતુ માર્યો જાય તેમ હોઈ અને જો હાલનો હુકમ સ્થગિત કરવામાં ના આવે તો આરોપીઓ ને ના નિવારી શકાય તેવું નુકશાન જાય તેમ હોઈ અને ફરિયાદ પક્ષ ને કોઈ નુકશાન થવાની સમભાવના નથી જેથી હાલની અરજી કરવાની ફરજ પડેલ છે જે થી અરજી કરી અરજ કરવાની કે અમો આરોપીઓ તરફે આપના હુકમ સામે રીવીઝન કરવાની હોઈ અને રીવીઝન કરવા માટે, હાલનો હુકમ સ્થગિત કરી અને અમલવારી કરવા માટે પુરતો સમય આપવા માટે માનસર નમ્ર અરજ છે.

જયારે, હાલની અરજી સામે, વિથ પ્રોસીયુશન દ્વારા સરકારી વકીલશ્રી સાથે દિલીલ કરલે છે કે, હાલનો ગુનો નોધાયા બાદ તપાસ કરનાર અમલદારે જે મુદા પર હાલની ફરિયાદ દાખલ થયેલ છે તે અંગે કોઈ તપાસ કરલે નથી અને તે અંગે આંક – ૧૨ અને ૧૭ બન્ને અરજી નામદાર કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલ છે. અને, હાલની બન્ને અરજી પર નો હુકમ જો સ્થગિત કરવામાં આવે તો, ન્યાયનો હેતુ માર્યો જાય તેમ છે.

બન્ને પક્ષકારોની દલીલો સાથે કેસ નું રેકર્ડ અને આંક – ૧૨ અને ૧૭ લગત નો અત્રેની કોર્ટનો હુકમ ધ્યાને લેતા, હાલના તબ્બકે, ચાર્જશીટ થયે ઘણો સમય થયેલ છે અને, સદર કામ આરોપીઓના વિરુદ્ધ તોહમત ફરમાવવા હાલ પેન્ડીગ છે અને, જો હવે હુકમની અમલવારી સ્થગિત કરવામાં આવે તો ફરીયાદીને નુકશાન થાય અને આરોપીઓ ફરીયાદી નું કરિયાવર અને, માવતર દ્વારા આપવામાં આવેલ દર દાગીના જો તેઓની કસ્ટડીમાં હોઈ તો સગે વગે કરી દે તો ન્યાયનો અને હાલના હુકમ નો હેતુ માર્યો જાય તેમ જણાઈ આવે છે વધુમાં, સદર હકીકત અને કાયદાના પ્રસન બાબતે, નામદાર મધ્યપ્રદેશ હાઈ કોર્ટનો ચુકાદો અહી મહત્વનો છે જે ધ્યાને લઈએ તો, **IN THE HIGH COURT OF MADHYA PRADESH AT (INDORE) In MISC. CRIMINAL CASE No. 9533 of 2022 Decided ON THE 11th OF OCTOBER,** 2023 has held that – <u>the Criminal Procedure Code does not confer any authority on the trial court to stay its own proceedings in a trial.</u> વધુમાં, તેની સાથે, **Supreme**

**court of India In Atul Shukla Vs. The State of Madhya Pradesh** & **Anr. On 20th August,** 2018 has held that – "No court, When it has signed its Judgment of final order disposing of a case, shall alter or review the same except to correct a clerical or arithmetical error." આમ ઉપરોક્ત બન્ને ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતો ને લક્ષે લેતા, એક વખત ટ્રાયલ કોર્ટ દ્વારા કોઈ ચુકાદો કે, હુકમ જારી કરેલ હોઈ તેને ઉલટાવવાનો કે, તેમાં કોઈ મોડિફિકેશન કરવાનો કે, સ્થગિત કરવાની સત્તા જે તે કોર્ટને રહેતી ન હોઈ વધુમાં, હાલનો આંક – ૧૨ અને ૧૭ લગતનો હુકમ ને ચેલેન્જ કરવા માટે આરોપી પાસે ૧૫ દિવસ નો સમય હોઈ અને, તે દરમિયાન તે અપીલ રીવીઝન કોર્ટમાં સ્ટે મેળવી શકે અને હાલના હુકમ ને સ્થગિત કરાવી શકે જે હકીકત લક્ષે લેતા, અત્રેની કોર્ટને વધુ તપાસ નો સી.આર.પી.સી કલમ – ૧૭૩(૮) હગત આક – ૧૨ અને ૧૭ નો સંયુક્તમાં કરેલ હુકમ સ્થગિત કરવા અને તેમાં મોડિફિકેશન કરવાની કોઈ સત્તા રહેતી ના હોઈ જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**– :: હુકમ :: –**

આરોપીઓ તરફે, (ફરીયાદીની)સી.આર.પી.સી કલમ – ૧૭૩(૮) મુજબનો ફરીયાદીની આંક – ૧૨ અને ૧૭ બન્ને સંયુક્ત અરજી લગત કરેલ હુકમ સ્ટે કરવા અને સમય વધારી આપવાની આંક – ૪૧ થી કરવામાં આવેલ અરજી ન્યાયના હિતમાં અત્રેની કોર્ટની સત્તા બહારની હોઈ જેથી નામંજૂર (રદ) કરવામાં આવે છે.

આજ રોજ તારીખ – ૨૩, માહે – જાન્યુઆરી, સને ૨૦૨૪ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : – ઉપલેટા**
**તા. ૨૩/૦૧/૨૦૨૪**

**(આનંદ. એ. દવે)**
**જુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ – ઉપલેટા**
**જીલ્લો – રાજકોટ, GJ01442.**